Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LIV ] MONDAY, 22nd APRIL, 2013/VAISHAKHA 02, 1935 [No. 38**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

**મોજે : (કોસાડ-ભરથાણાકોસાડ-મોટાવરાછા-અબ્રામા)વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણાકોસાડ-મોટાવરાછા-અબ્રામા) તૈયાર કરવા બાબત.**

### અધિસુચના

નં. ટીપીડી/આ./૫૯૫/૧૩.- ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વથી સુરત શહેરી વિકાસ સત્તામંડળને ગુજરાત નગર.રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની ડ્રાફટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસિડન્ટ એકટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૦૮/૨૦૧૩, તા. ૧૫-૦૪-૨૦૧૩થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૮૪માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ મોજે : કોસાડ, ભરથાણાકોસાડ, મોટાવરાછા, અબ્રામા વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણાકોસાડ-મોટાવરાછા-અબ્રામા) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૨૨ માહે એપ્રિલ, સને ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

## ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૫-૦૪-૨૦૧૩નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :**

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૨૮-૦૩-૨૦૧૩નાં પત્ર નં. સીમીસ/૦૮/૩૮ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણાકોસાડ-મોટાવરાછા-અબ્રામા) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણાકોસાડ-મોટાવરાછા-અબ્રામા) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજ્યપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૦૮/૨૦૧૩ સર્વાનુમતે મંજુર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.